# સરદાર સરોવર નર્મદા નિગમ લી.

**પરિપત્ર ક્રમાંકઃસસનનિલી/ઘાસચારો/ ૯/ પાર્ટ–૧ /પીઆઈએમસેલ** **તારીખ : ૨૭/૮/૨૦૧૨.**

**વિષયઃ– સરદાર સરોવર યોજનાની નહેરોના કાંઠાની સંપાદિત કરેલ જમીનમાં ઘાસચારાના વાવેતરની કામગીરી બાબત.**

આ બાબતે વિવિધ અધિકારીશ્રીઓ ધ્વારા કરવાની થતી કામગીરી, ફરજો અને જવાબદારીઓ સુનિશ્ચિત કરવા અંગે.

## **<u>પ્રસ્તાવનાઃ</u>–**

ગુજરાત રાજયમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્ર તથા કચ્છ વિસ્તારમાં ચાલુ ચોમાસામાં વરસાદ ઓછો થવાને લીધે ઘણા તાલુકાઓમાં અછતની પરિસ્થિતિ નિર્માણ થયેલ છે, તેના લીધે ઢોર–ઢાંખર માટે ઘાસચારાની અછત ઉભી થયેલ છે, જેના લીધે ઢોર–ઢાંખર માટે આ ઘાસચારાની જરૂરીયાતને પહોંચી વળવા માટે રાજય સરકારે નર્મદા, જળ સંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક : અછત/ ૨૦૧૨/ ૧૨૩૫/ન તાઃ ૨૨.૦૮.૨૦૧૨ થી સરદાર સરોવર યોજનાની મુખ્ય તેમજ કેટલીક શાખા નહેરો માટે સંપાદિત કરેલ જમીનો પૈકી પાળાની બન્ને બાજુની જમીન એક વર્ષ સુધી ઘાસ / ઘાસચારા માટે રજકો, બાજરી, જુવાર, મકાઈ જેવા પાકોના વાવેતર માટે સંસ્થાગત તેમજ વ્યકિતગત ખેડૂત ખાતેદારને પરવાનગી આપવા માટે ઠરાવ બહારપાડવામાં આવેલ છે.

## **<u>પરિપત્ર</u>** ઃ–

રાજય સરકારના ઠરાવ ક્રમાંક : અછત/ ૨૦૧૨/ ૧૨૩૫/ન તાઃ ૨૨.૦૮.૨૦૧૨ મુજબ સરદાર સરોવર યોજનાની નહેરો માટે સંપાદિત કરવામાં આવેલ જમીન પૈકી નર્મદા મુખ્ય નહેર અને અમુક શાખા નહેરો કે જેમાં પાણી વહન થતું હોય તેટલી લંબાઈમાં નહેરના પાળાની બહારના ભાગે જયાં જમીન ઉપલબ્ધ હોય ત્યાં સંસ્થાગત તેમજ વ્યકિતગત ધોરણે ઘાસચારાના વાવેતર કરવા માટે પ્રતિ એકરે રૂા.૧/–ના ટોકન દરે પરવાનગી આપવાનું નકકી થયેલ છે, તેમજ ઘાસચારાના વાવેતર કરવા માટે વિના મુલ્યે પાણી લેવાની પરવાનગી આપવાનું પણ નકકી થયેલ છે. આ કામગીરી અછત રાહતને લગત હોઈ તે પરિપત્રમાં જે અધિકારી / કર્મચારીએ કામગીરી કરવાની હોય તે સમયસર અને સુચારૂરૂપે પૂર્ણ થાય તે હેતુથી નીચે પ્રમાણેની સુચનાઓ, ફરજો અને જવાબદારીઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**કલેકટરશ્રી અને પ્રાંત અધિકારીશ્રી ધ્વારા હાથ ઘરવાની કાર્યવાહી :**

(૧) જીલ્લા કક્ષાએ સમગ્ર કામગીરીને સંકલન અને મોનીટરીંગની કામગીરી,

(૨) મુખ્ય નહેર અને શાખા નહેરોના પાળાની આજુબાજુ ઉપલબ્ધ જમીન અંગે માહિતી સ.સ.ન.નિ.લિ.,ની વેબસાઈટ www.sardarsarovardam.org તથા સંલગ્ન કાર્યપાલક ઈજનેરની પાસે ઉપલબ્ધ છે.

**તાલુકા મામલતદારશ્રી ધ્વારા હાથ ધરવાની કાર્યવાહી :–**

(૧) યોજનાની જાણકારી સંભવિત લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે યોજનાનો બહોળો પ્રચાર કરવો

(૨) નિયત નમુનામાં સંસ્થાઓ તેમજ ખાતેદાર ખેડૂતો પાસેથી અરજીઓ સ્વીકારવી.

(૩) અરજદારની પાસે ઉપલબ્ધ સંશાધનો, નાણાંકીય સધ્ધરતાની મુલવણી કરી પરવાનગી આપવાના થતા વિસ્તાર અંગેનો નિર્ણય કરવાનું અને એક કરતાં વધુ અરજીઓના કિસ્સાઓમાં ઠરાવની જોગવાઈ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના પરામર્શમાં રહી ફાળવણી કરવાની રહેશે.

(૪) ફાળવણી અંગેના વિધિસરના હુકમ કરવા.

(૫) ઠરાવની શરતો પૈકી કોઈપણ શરતના ભંગ બદલ આપવામાં આવેલ પરવાનગી રદ કરવાનું તેમજ સદર જમીનની પરવાનગી અન્ય અરજદારને આપવાનું કામ.

(૬) મુખ્ય નહેર અને શાખા નહેરોના પાળાની આજુબાજુ ઉપલબ્ધ જમીન અંગે માહિતી સ.સ.ન.નિ.લિ.,ની વેબસાઈટ www.sardarsarovardam.org તથા સંલગ્ન કાર્યપાલક ઈજનેરની પાસે ઉપલબ્ધ છે, તે મેળવી આ કામગીરી કરશે.

**જીલ્લા કક્ષાએ કરવાની થતી કામગીરી :–**

(૧) જીલ્લા કક્ષાએ રચવામાં આવેલ સંકલન સમિતિના જીલ્લા કક્ષાના નોડલ અધિકારીશ્રી અને અધિક્ષક ઈજનેરશ્રીએ જીલ્લા કક્ષાએ જીલ્લા કલેકટરશ્રીના પરામર્શમાં રહી કામગીરીની દેખરખ અને સંકલન કરવું.

(૨) નોડલ અધિકારી એ જીલ્લા હેઠળ તમામ સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી પાસેથી પ્રગતિ અહેવાલ મેળવી સંકલિત પ્રગતિ અહેવાલ સંબંધિત જીલ્લા કલેકટરશ્રીને રજુ કરવો. જેની નકલ જનરલ મેનેજરશ્રી (પીઆઈએમ)ને મોકલવી.

**નિગમના સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી એ કરવાની થતી કામગીરી:–**

(૧) તેમના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારમાં આપેલ મંજૂરી વાળા કેસોમાં ઠરાવ પ્રમાણેની અમલવારી કરવાની રહેશે.

(૨) ઠરાવની જોગવાઈ મુજબ અરજદાર અનિવાર્ય સંજોગોમાં તદ્‌ન કામચલાઉ બાંધકામની માંગણી કરે તો અરજીના ગુણદોષ મુજબ નિર્ણય કરી પરવાનગી આપવી.

(૩) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા કરવામાં આવેલ પ્રગતિ અહેવાલનું સંકલન કરી પ્રગતિ અહેવાલ સંબંધિત જીલ્લાના જીલ્લા કક્ષાના નોડલ અધિકારીશ્રી અને અધિક્ષક ઈજનેરશ્રીને મોકલવી .

**નિગમના સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી એ કરવાની થતી કામગીરી :–**

(૧) પોતાના કાર્યક્ષેત્રમાં આવતી નર્મદા મુખ્ય નહેર / પાણી વહન થતું હોય તેટલી શાખા નહેર માટે નિગમ ધ્વારા સંપાદિત કરાયેલ જમીન પૈકી નહેરના બન્ને પાળાની બહારના ભાગે ઘાસચારા વાવેતર માટે ઉપલબ્ધ હોય તેવી જમીનની વિગતો બિડાણ કરેલ પત્રક–૧ મુજબ તાલુકાવાર તૈયાર કરી સંબંધિત મામલતદારશ્રીને તાત્કાલિક મોકલવાની રહેશે.

(૨) કાર્યક્ષેત્રમાં આવતી મુખ્ય નહેર તેમજ શાખા નહેર નિગમની સંપાદિત કરેલ ખુલ્લી જગ્યામાં કોઈ ધ્વારા જગ્યામાં જો કોઈ દબાણ થયેલ હોય તો તેવી સંપાદિત જગ્યામાંથી દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરી ઘાસચારા માટે ઉપલબ્ધ કરાવવી.

(૩) ઉપરોકત માહિતી તૈયાર કરતી વખતે હયાત વનીકરણ, સ્ટ્રકચર્સ, એપ્રોચ રોડ, એપ્રોચ ચેનલ વગેરે ધ્યાને લેવાના રહેશે.

(૪) મામલતદારશ્રી ધ્વારા ઘાસચારાના વાવેતર માટેની પરવાનગી સંદર્ભે મળેલ અરજીઓની ચકાસણી કરી ફાળવણી બાબતે મામલતદારશ્રીને સહયોગ આપવો.

(૫) ફાળવણી થયા બાદ જે તે અરજદાર સંસ્થા / ખાતેદાર ખેડૂત સાથે રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નિયત નમુના મુજબ કરારનામું કરવાનું રહેશે.

(૬) ફાળવણી થયા બાદ ઉપયોગકર્તા ધ્વારા અનિવાર્ય સંજોગોમાં તદ્દન કામચલાઉ બાંધકામ માટે અરજી કરવામાં આવે તો આવી અરજીઓ કાર્યપાલક ઈજનેરશ્રી પાસે નિર્ણય કરાવી અરજદારને જાણ કરવાની રહેશે.

(૭) સદર પ્રક્રિયામાં તાબા હેઠળના મદદનીશ ઈજનેર / અધિક મદદનીશ ઈજનેરને માર્ગદર્શન તથા તેમને સોંપેલ કામગીરીનું મોનીટરીંગ કરવાનું રહેશે.

(૮) સરકારશ્રીના આ અંગેના તાઃ ૨૨.૦૮.૨૦૧૨ ના ઠરાવની કોઈપણ જોગવાઈ કે શરતોના ભંગ થાય નહિ તે જોવું અને ભંગ થતો જણાય તો ઠરાવની જોગવાઈ મુજબ પગલાં લેવાના રહેશે.

(૯) ઘાસચારાના વાવેતરની આ કામગીરીનો પ્રગતિ અહેવાલ અઠવાડિક ધોરણે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીને તેમજ સંબંધિત મામલતદારશ્રીને મોકલવાનો રહેશે, તેમજ તેની નકલ પ્રાંત અધિકારી, એ.ટી.વી.ટી. તથા નિગમ વડી કચેરીમાં જનરલ મેનેજરશ્રી (પીઆઈએમ) ને મોકલવાની રહેશે.

**મદદનીશ ઈજનેર / અધિક મદદનીશ ઈજનેર ધ્વારા કરવાની થતી કામગીરી :–**

(૧) પોતાના કાર્યક્ષેત્રમાં નહેરના બન્ને પાળાની બહારની બાજુએ ઘાસચારાના વાવેતર માટે ઉપલબ્ધ હોય તેવી જમીનની સ્થળ મુલાકાત લઈ ઉપલબ્ધતા અંગેની વિગતો નિયત પત્રકમાં ભરી, સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ને તાત્કાલિક રજુ કરવાની રહે છે. આ કામગીરી દરમ્યાન હયાત વનીકરણ, સ્ટ્રકચર્સ, એપ્રોચ રોડ, એપ્રોચ ચેનલ વગેરે ધ્યાને લેવાના રહેશે.

(૨) મામલતદારશ્રી ધ્વારા ફાળવણીનો હુકમ થયા પછી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી અને અરજદારશ્રી વચ્ચે નિયત નમુનામાં કરારનામું થયા પછી જે તે અરજદારને ફાળવેલી જમીનની હદ દિશા સ્થળ ઉપર મુકરર કરી આપવાની રહેશે, ત્યારબાદ જે તે અરજદારને કબજો સોંપવાની કાર્યવાહી કરવી.

(૩) પંપ મુકવાના સ્થળ તેમજ નીચે દર્શાવેલ વિસ્તાર અને હેડને ધ્યાને લઈ પંપની ક્ષમતા ( મુકરર કરેલ વિસ્તાર અને ઘાસચારાના પાકને ધ્યાને લઈ) નકકી કરી આપશે.

| ક્રમ | વિસ્તાર (એકરમાં) | પંપની ક્ષમતા | | |
|---|---|---|---|---|
| | | ડયુટી | | એચ.પી. |
| | | હેડ (મીટર) | લીટર/સેકંડ | |
| ૧ | ૧ થી ૯ | ૬ | ૧૪ | ૨ |
| ૨ | ૯ થી ૧૩ | ૬ | ૨૧ | ૩ |
| ૩ | ૧૩ થી ૧૯ | ૭ | ૩૦ | ૫ |
| ૪ | ૧૯ થી ૨૬ | ૯ | ૪૨ | ૯ |

(૪) નહેરોને નુકશાન ન થાય તે રીતે પંપ મુકાય તેની કાળજી રાખશે.

(૫) ઠરાવની શરતોનું પાલન થાય તે જોવાનું રહેશે, તેમજ શરત ભંગના કિસ્સામાં સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ને અહેવાલ કરવાનો રહેશે.

(૬) કામગીરીનો પ્રગતિ અહેવાલ સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ને અઠવાડીક ધોરણે કરવાનો રહેશે.

આ સુચનાઓ નિગમની ઉકત ફાઈલના તા.૨૪/૦૮/૨૦૧૨ના રોજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી અન્વયે પરીપત્રીત કરવામાં આવે છે, જેનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(જે.પી. પરમાર)
જનરલ મેનેજર(પીઆઈએમ)
સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
ગાંધીનગર.

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

(૧) વહીવટી સંચાલકશ્રીના અંગત મદદનીશશ્રી, સ.સ.ન.નિ.લી. ગાંધીનગર,

(૨) સંયુકત વહીવટી સંચાલકશ્રી ( નાણાં / વહીવટ)ના અંગત મદદનીશશ્રી, સ.સ.ન.નિ.લી. ગાંધીનગર,

(૩) સંચાલકશ્રી, (સીવીલ/નહેરો) ના અંગત મદદનીશશ્રી, સ.સ.ન.નિ.લી. ગાંધીનગર,

(૪) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સ.સ.ન.નિ.લી. ગાંધીનગર,

(૫) કાર્યવાહક સંચાલકશ્રી (કૃષિ), સ.સ.ન.નિ.લી. ગાંધીનગર,

(૬) તમામ જનરલ મેનેજરશ્રી/ નાયબ જનરલ મેનેજરશ્રીઓ. સ.સ.ન.નિ.લી. ગાંધીનગર,

(૭) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, સ.સ.ન.નિ.લી.

(૮) સર્વે સંલગ્ન કલેકટરશ્રીઓ

(૯) સર્વે અધિક્ષક ઈજનેરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી ઓ / નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (મારફત મુખ્ય ઈજનેરશ્રી), સ.સ.ન.નિ.લી.

(૧૦) સર્વે સંલગ્ન મામલતદારશ્રીઓ